નમસ્કાર ગાંધીનગર

પમરાટ

નકાર કોઇનોય નહીં,
નિષેધ કોઇનોય નહીં
હું સર્વનો સમાસ છું
હું શુધ્ધ આવકાર છું..

- રાજેન્દ્ર શુક્લ.

પાથેય

- રમેશ ઠક્કર

લેખાંજોખાં ભૌતિક ચીજોનાં હોઇ શકે..લાગણીઓને માપવાનું કામ એટલું આસામ નથી..એ આકાશને ઉલેચવા જેવું કામ છે...માણસની મથામણ હંમેશાં મલકાટ માટે રહી છે..જે વ્યકિત છલકાઇ જવાની તૈયારી રાખે એ જ મલકાઇ શકે છે..જીવવાનો તલસાટ જરૂરી છે પણ એમાં સ્પંદનોનો વસવાટ ના હોય તો કારણવગરનો કચવાટ આપણી ફરતે ઘેરાઇ વળે છે..

જિંદગીમાં કેટલું કમાયા ? એનો સરવાળો માંડવો કદાચ સહેલું છે પણ જિંદગીમાં કેટલું છવાયા એવું આકલન કોઇ કરતું નથી..વિસ્તરવું એ વ્યાપ છે..સંકોચાઇ જવું એ અભિશાપ છે..આપણે સામાન્ય રીતે નિખરી શકતા નથી..કેટકેટલી બેડીઓ આપણા ચરણો ને ચોંટી રહી હોય છે..!

ભીતરના ભાવોને નિખાલસ શણગાર થકી જો વ્યકત કરીએ તો જીવનનો પમરાટ પથરાઇ જાય છે..આપણી તલાશ સુખચેન છે...જેનો આધાર આપણી આર્થિક..ભૌતિક કે સામાજિક ઉપલ્બ્ધિઓ આધારિત હોય છે...લાગણીઓની ઉપલબ્ધિ જયારે આપણા સરવૈયાનો હિસ્સો બને છે ત્યારે સંતુલન બનતું હોય છે..

હમણાં એક દ્રશ્ય જોયું..સાધનસંપન્ન એક માણસે બજારમાંથી પોતાના દિકરાને મોંઘીદાટ વસ્તુઓ અપાવી પણ એના ચહેરા ઉપર કોઇ ખુશી ના લાવી શકયો,એ પછી એ ભેળપુરીની લારી ઉપર ઊભા હતા..હાથમાં કિમતી ચીજોની થેલીઓ...આમ છતાં દિકરાના ચહેરા ઉપર જાણે કોઇ હરખ જ ન હતો.

બીજી તરફ એક ભેળપુરી બનાવનાર ગરીબ છોકરો પોતાનું કામ ઊમળકાભેર કરી રહયો હતો...બાપ દિકરો ત્યાં ગયા. એ બધાની વચ્ચે હસીમજાક પણ કરી રહયો હતો...એના ચહેરા ઉપર ખુશહાલી હતી..ધીમેથી એણે કિમતી સોગાતો છતાં સોગગ્રસ્ત છોકરા તરફ સ્મિત આપ્યું એને હસાવવાનો પ્રયત્ન કર્યો. પણ વ્યર્થ..એની અપાર ખુશી જોઇ પેલાને નવાઇ લાગી રહી હતી..ખરેખર તો એ ધનવાન બાપે પેલા ગરીબ છોકરાને ખુશી કયાં મળે ?એવું પુછવાની જરૂર હતી...

અમીરી કેવળ કિમતી ચીજોમાં જ નથી હોતી..બીજાને સંવેદવામાં પણ હોય છે.હકિકતમાં હરખ એજ માણસની સાચી પરખ હોઇ શકે..વિતેલા વરસનો કેટલી પળો મેં હરખથી વિતાવી? નિર્દોષ આનંદ થકી મેં કેટલા લોકો ને સ્મિત આપ્યું ? છલકાઇ જવાના પ્રસંગો કેટલા બન્યા? કુપમંડુકતા ને કોરાણે મુકી લ્હેરખીની માફક લહેરાઇ જવાનું કયારેય બન્યું ? આવા માપદંડો થકી વિતેલી ક્ષણો નો અંદાજ મેળવીએ તોજ આપણી ઉપલબ્ધી નો સાચો અહેસાસ કરી શકાય...

યુવાધનને સ્ટ્રેસમાંથી ઉગારી લઈએ

તંત્રીસ્થાનેથી...

વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ભાજપની રજાય સરકાર સામે અનેક પડકારો છે જે પૈકી સૌથી મોટો પડકાર હોય તો તે યુવાવર્ગની બેકારી અને બેરોજગારીનો છે. છેક અનુસ્નાતક ડિગ્રી સુધીનું ભણતર પૂરું કર્યા પછી પણ નોકરી નથી મળતી અને પરિસ્થિતિ એવી સરજાઈ છે કે પીએચ.ડી. થયેલ યુવાન કયાં પાનનો ગલ્લો કરીને તો કયાંક પ્યૂન કે કારકુનની નોકરી મેળવીને પેટિયું રળવા મજબૂર બની જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર પકોડાની લારી ચલાવતા યુવાનોની પ્રશંસા કરી હતી અને એ મુદ્દો ભાજપ સરકારમાં ફૂદકે ને ભૂસકે વધતી મોંઘવારી તથા અસહ્ય બેરોજગારીના પ્રમાણ લેખે વિપક્ષી નેતાઓ માટે સરકાર અને શાસક પાર્ટી સામેનું હાથવગું અને હોઠવગું હથિયાર બની ગયો હતો. બેરોજદારી દૂર કરવી એ ફક્ત સરકારની જવાબદારી ન જ ગણાવી જોઈએ. પરંતુ પ્રજા હંમેશા આવા મુદ્દે સરકારને ઘેરતી રહી છે. ગુજરાત સરકારે ઘણા લાંબા વખતથી સરકારી નોકરીની ભરતી પર બ્રેક લગાવી રાખી હતી. શિક્ષણ ક્ષેત્રમાં અધ્યાપકોથી લઈ ગ્રંથપાલોની જગ્યાઓ ખાલી પડેલી હતી. પોલીસ ખાતાની ઘણી જગ્યાઓ ખાલી છે. હમણાં કોઈ પણ જાહેર કે ગામના મેદાન, પાર્ક કે ધોરી માર્ગ પર સવાર-સાંજ યુવાન-યુવતીઓ દોડતાં દેખાય છે એનું કારણ આ ભરતીની જાહેરાત છે. ગૃહરક્ષક દળ કે પોલીસ કર્મીઓને બાંધ્યે પગારે નોકરી મળશે એવી જાહેરાત પડતાંની સાથે અરજદારોનાં ટોળાં થઈ ગયાં. એમના માટે આ 'એલઆરડી' તો જાણે આકાશમાંથી ઊતરેલો આશિર્વાદ બની રહેલ છે. પોતાની શારીરિક ક્ષમતા વધારવા અને સિદ્ધ કરવા વહેલા ઊઠીને યુવકયુવતીઓ પુનિત વન જેવા જાહેર ઉદ્યાનોથી લઈ રાજમાર્ગો પર દોડતાં નજરે પડે છે. એક રીતે આ દૃશ્ય આંખને ઠારે છે તો બીજો વિચાર એ પણ આવે છે કે આ તો પૂર્વ તૈયારી કરવા મેદાન પડેલું યૌવન છે ખરી કસોટી વખતે એમાંથી ઘણા બધા ખરી પડશે કારણ કે પોલીસ ભરતીના નિર્ધારિત લક્ષ્યાંક તો ઘણા ઊંચા હોય છે. શારીરિક કસોટીમાંથી પાર ઊતર્યા પછી પણ લેખિત કસોટીની વૈતરણી પાર કરવાની હોય છે. એમાં કેવા કેવા કારસા થશે એની દહેશત પણ રહે. બેકારી અને બેરોજકારી યુવાનનું યૌવન ખૂંચવી લે છે. એને જીવન પ્રત્યે અનાદર ઊભો થઈ જાય છે. આપણાં દેશમાં જ નહીં, ચીન અને જાપાન જેવા રાષ્ટ્રોમાં યુવાનો લગ્ન કરીને ઘરસંસાર માંડવામાં પાછી પાની કરતા થઈ ગયા છે. બેકારી છે. ભારે મોંઘવારી છે. પરણી જઈને તો અલગ ઘર વસાવવાની જોગવાઈ કેવી રીતે કરવી ! આ મુદ્દે સમજણવાળાં યુગલો આપોઆપ સંતાનોત્પતિથી વેગળાં રહેવાનું પસંદ કરતાં થઈ ગયા છે. ચીન-જાપાન જેવા દેશોમાં હવે સરકારો એમને એ માટે પ્રોત્સાહન આપવા લાગી છે. હમણાં એક ગુમ થયેલ દિલ્હીનિવાસી કિશોર અમદાવાદના વસ્ત્રાપુરમાં મળી આવ્યો. એણે ઘર છોડ્યું એનું એટલું જ કારણ હતું કે એનાં માતા પિતા એને નેવું ટકા માર્ક્સ લાવવા માટે સતત ઉશ્કેરતા હતા. બારમા ધોરણમાં એ લક્ષ્યાંક મેળવવા માટે કેટકેટલાં ટ્યૂશન, કેટકેટલા કારસા થતા રહે છે. બધા વિદ્યાર્થીઓ એવી ઊંચી ગુણવત્તાવાળા જ હોય એ જરૂરી નથી. પરંતુ સ્પર્ધાના આ યુગમાં બધાં માતાપિતા પોતાના સંતાનને હાઈ-ફાઈ કરિયર બનાવવા ટપારતાં રહે છે. એમાંથી ઘણી કરુણાંતિકાઓ પણ સરજાય છે. બાળકો એમના ગજા બહારની તાણ અનુભવે છે અને એ અસહ્ય બનતાં કયારેક ઘર છોડીને ભાગી જાય છે. પરંતુ ભરી બેસે છે તો કયારેક ઘર છોડીને ભાગી જાય છે. સરકાર અને સમાજની સહિયારી જવાબદારી બને છે કે તે ઊભરતી જુવાનીને ખીલવાનો મોકો આપે, એને મુરઝાતી અટકાવે.

મહેસુલ અધિકારીને જમીન મિલ્કતના માલિકી હક્ક નક્કી કરવાની સત્તા નથી

રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ ના થયેલ હોય તો પણ માલિકી હક્ક સાબીત થઈ શકે છે

રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી માલિકી હક્ક મેળવ્યા બાદ રેવન્યુ રેકર્ડમાં નામ ચઢે તો જ માલિક તરીકે દાખલ થયેલા ગણાય તેવી માન્યતા સામાન્ય રીતે જનમાનસમાં પ્રવર્તે છે, પરંતુ હકિકતમાં કોઈપણ જમીન અગર મિલ્કતના માલિકનું નામ ૭-૧૨ યા સીટી સર્વેની નકલમાં પુરાવાકીય મૂલ્ય નથી. રેવન્યુ રેકર્ડ માત્ર ફિસ્કલ રેકર્ડ છે તેવો સિધ્ધાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં પ્રસ્થાપિત કરેલ છે.

અરજદારે રજીસ્ટર વિલથી માલિક બનેલ જેના આધારે દત્તક વિધાનના દસ્તાવેજો ઉપર આધાર રાખેલ જેને રેવન્યુ ઓથોરીટીએ પડકારતા દત્તક વિધાનના લેખથી હિન્દુ એડોપ્શન એન્ડ મેઈન્ટેનન્સ એકટની કલમ ૧૦(૪) નો ભંગ થતો હોવાનું અનુમાન કરેલ તેમજ તે અંગે કરવામાં આવેલ રજીસ્ટર વીલની કાયદેસરતાને પણ પડકારવામાં આવેલી અને કલેકટરશ્રી તથા મુખ્ય સચિવશ્રીએ એવું અનુમાન કરેલ કે વાદગ્રસ્ત મિલ્કત વડિલોપાર્જીત હોવાથી મૃતકને વીલ કરવાની સત્તા ન હતી. વીલ ફકત સ્વપાર્જીત મિલ્કતનું જ થાય તેવો મહત્વનો નિર્ણય કરવાની સત્તા રેવન્યુ ઓથોરીટીને નથી. આ મુદ્દા અંગે નિર્ણય કરવા માટે માત્ર સીવીલ કોર્ટને જ હુકમત છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ સદર કિસ્સામાં એવા તારણ ઉપર આવેલ કે, જે કોઈ વ્યકિત કોઈ જમીન પરત્વે માલિકી હક્કનો દાવો કરતી હોય તો તેનું નામ મહેસુલી દફતર ચાલતુ ન હોવા છતાં પણ તેની માલિકી હક્ક સાબીત કરી શકે છે અને તેથી પણ મહેસુલી અધિકારીએ નામદાર સીવીલ કોર્ટના હુકમ સુધી રાહ જોવી જોઈએ. મહેસુલી અધિકારીને જમીન / મિલ્કતના માલિકી હક્ક નક્કી કરવાની સત્તા નથી તેમજ મહેસુલી નોંધોનું પુરાવાકીય મૂલ્યાંકન ના થઈ શકે જમીન / મિલ્કત ઉપર પોતાની માલિકી હક્ક દાખલ કર્યા સીવાય પણ પોતાનો માલિકી હક્ક, દાવો વ્યકિત કરી શકે છે. મહેસુલી અધિકારી માત્ર આવા માલિકી અંગેના દિવાની અદાલતના નિર્ણયને અનુસરવા માટે બંધાયેલ છે. તે અંગે દિવાની અદાલતના વચગાળાના અનુમાનને તારણને રેવન્યુ અધિકારીએ ફરજીયાત માનવા પડે છે. રેવન્યુ અધિકારી કોર્ટના હુકમનુ પાલન કરવા બંધાયેલ છે.

જયારે કોઈ વ્યકિત કે સંસ્થાનું નામ કોઈપણ આધાર પુરાવા સાથે હક્ક પત્રકમાં દાખલ કરવા અરજી આવે તો તેના અનુસંધાને જો કોઈપણ વ્યકિત કે સંસ્થા તરફથી તેની માલિકી હક્ક, હિત સંબંધે તકરાર ઉપસ્થિત કરવામાં આવે તો જમીન મિલ્કતના હક્કપત્રકમાં એન્ટ્રી પાડતા સમયે ટાઈટલ સંબંધિત તકરાર ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં રેવન્યુ ઓથોરીટીએ ટાઈટલ સંબંધિત નિર્ણય લેવા હુકમત કે સત્તા ધરાવતી નથી.

ટાઈટલ અંગે નિર્ણય કે ચુકાદો આપવાની સત્તા તેમજ હુકુમત નામદાર સીવીલ કોર્ટને જ છે. જયારે પક્ષકારો વચ્ચે મિલકતના હક્ક, હિત, હિસ્સા કે ટાઈટલ સંબંધિત કોઈપણ તકરાર ઉપસ્થિત થાય તો તે અંગેનો અંતિમ નિર્ણય કરવાની સત્તા ફકત નામદાર સીવીલ કોર્ટને જ છે અને તે અંગે મહેસુલી સક્ષમ અધિકારીઓએ અંતિમ નિર્ણયને ફકત અનુસરવાનું જ રહે છે. મહેસુલી અધિકારીઓને હક્કપત્રકની નોંધોની ફેરફારની એન્ટ્રીઓ સંબંધિત ખૂબ જ મર્યાદિત અધિકારો છે અને કાયદાની મર્યાદાની ઉપરવટ જઈને કોઈપણ નિર્ણય કરી શકતી નથી તેમજ આવા હુકમો રદબાતલ / વોઈડેબલ સ્પીકીંગ ઓર્ડર જ ગણાય છે, જેને સીવીલ કોર્ટ રદબાતલ ઠરાવી શકે છે. મહેસુલી સત્તાધીશો હક્કપત્રકના ફેરફારની એન્ટ્રીઓ સંબંધિત ખૂબ જ મર્યાદિત અધિકારો ધારણ કરે છે. હક્કપત્રકની નોંધો એ ફેરફાર થવા પાત્ર છે કાયમી નથી રેવન્યુ કોર્ટ સીવીલ કોર્ટે ધારણ કરેલી હુકમત પોતાને છે તેવું સંબંધિત અનુમાન કરવા હક્ક, અધિકાર નથી.

જયારે કોઈપણ પક્ષકારો વચ્ચે જયારે જમીન મિલ્કત અંગે તકરારો ઉપસ્થિત થાય તો તે અંગે ટાઈટલ સંબંધિત હુકમ કરવા હક્ક, અધિકાર માત્ર સીવીલ કોર્ટને જ છે. નામદાર સીવીલ કોર્ટ દ્વારા આવા કેસમાં વચગાળાનો કે અંતિમ નિર્ણયોને અનુસરવા માટે મહેસુલી અધિકારીઓ બંધાયેલા છે. કોઈપણ મિલ્કતમાં ૭-૧૨ માં કે પ્રોપર્ટી કોર્ડમાં નામ દાખલ થવા માત્રથી આવી વ્યકિત માલિકી હક્ક મળી જાય છે તેમ ગણાતું નથી ટાઈટલ બાબતે અંતિમ નિર્ણય સીવીલ કોર્ટ જ લઈ શકે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

દિન મહિમા

- કાળો દિવસ
  દેશની રાજધાની દિલ્હીમાં સંસદ ભવન પર ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ થયેલા આતંકવાદી હુમલાની આજે ૨૦મી વર્ષગાંઠ છે. આ હુમલામાં ૫ આતંકવાદીઓ સહિત કુલ ૧૪ લોકો માર્યા ગયા હતા.
- રાષ્ટ્રીય હોર્સ દિવસ

આજનું

ઔષધ

- ઘી કે તલના તેલમાં ગાજરનું શાક દાડમનો રસ નાખી દહીં સાથે ખાવાથી હરસ મટે છે.

ખડખડાટ

- સિક્યુરિટી ગાર્ડની ભરતીમાં ગુજરાતીને એક પ્રશ્ન પૂછ્યો :
  અંગ્રેજી આવડે છે?
  ગુજરાતી :કેમ ચોર ઈંગ્લેન્ડથી આવવાના છે.

આજનો

વોટ્સએપ

- પદથી મળતી પ્રતિષ્ઠા મર્યાદતિ સમય માટે હોય છે;
  પરંતુ
  વ્યક્તિત્વથી મળતી પ્રતિષ્ઠા આજીવન હોય છે.

વિચાર

- રાજકારણીઓ એ વાત હંમેશા ધ્યાનમાં રાખવી કે પ્રજાની દુશ્મની સામે કોઈ પણ શાસકે ટકી રહેવું મુશ્કેલ હોય છે
  - જીવન પાથેય
- જબ આંખોં મેં અરમાન લિયા, મંઝિલ કો અપના માન લિયા, હૈ મુશ્કિલ કયા આસાન કયા, જબ ઠાન લિયા તો ઠાન લિયા
  - રાહુલ સિંહ
- ટીકાકાર અને ટીકાખોર વચ્ચે ફરક છે. ટીકાકાર સજ્જ અને સજ્જન હોય છે, જયારે ટીકાખોર જડ અને અણઘડ હોય છે.
  -રોહિત શાહ

અનુભવ છે દરિયાના તોફાનો, પણ આ રેતીમાં હોડી ખરાબે ચડી છે

યમદૂતોએ
ટોળે વળી વિચાર્યું
રજા રાખીએ
ધરતી પર
આનંદ ઉલ્લાસની
ક્ષણો આપીએ
થયો હુકમ
યમરાજનો, પૂરો
કરો લક્ષ્યાંક
થયો વિસ્ફોટ
આતંકી, ટોળાં મળે,
પૂરો લક્ષ્યાંક.

- તુષાર વૈષ્ણવ

આજનો આ યુગ ટાર્ગેટ પૂરા કરવાનો યુગ છે. દરેકને પોતાને આપેલો ટાર્ગેટ પૂરો કરવાની ઉતાવળ છે. ચારેબાજુ બધા જ જાણે કંઈ જ જાણ્યા-સમજ્યા વિના જ એક ગાડરિયા પ્રવાહની માફક દોડ્યા જ કરે છે. અને આ બધાની વચ્ચે-વચ્ચે આતંકવાદ, વાદ-વિવાદ, કોઈ બાબત પ્રત્યે રોષ પ્રગટ કરવા માટે મોરચા અને રેલીઓ યોજાવી, હુલ્લડ થવા આ બધું અચાનક જ આવી જાય અને નીચું જોઈને માત્ર કામ કરનારા એક ગાડરિયા પ્રવાહ જેવો જ આ અન્ય એક સમૂહ પણ ગાડરિયા પ્રવાહમાં જ અન્ય દિશામાં ગતિમાન રહેતો હોય છે ! કુદરતી તકલીફો કે અચાનક આવી પડેલી મુસીબતોનો તો આપણે સામનો કરી પણ લઈએ પણ અહીં પ્રશ્ન માનવસર્જીત સમસ્યાઓનો છે. આ પ્રશ્નોને કઈ રીતે મૂલવવા? ભગવતીકુમાર શર્મા લખે છે તેમ,

અનુભવ છે દરિયાના તોફાનો,
પણ આ રેતીમાં હોડી ખરાબે ચડી છે.''

આપણો આદેશ ઋષિમુનિઓ અને સંતોની પાવનભૂમિ છે. ભારત દેશમાં ઋષિમુનિઓ અને સાધુપુરષો ક્ષમાભાવ માટે અને તપોબળ માટે ઘણા પ્રચલિત રહ્યા છે. તો આવી આ ક્ષમાવીરોની તપોભૂમિમાં આજે નાનીનાની બાબતોમાં કોમી રમખાણો ફાટી નીકળે અને લોકો એકબીજાને મારવા માટે લોહી તરસ્યા બની જાય એ કેટલું વ્યાજબી ગણાય? શબ્દો ઘાતક છે, અને શબ્દો હકીકતમાં માણસને જાનથી પણ મારી શકે છે. લોકો ભાવનાઓને અને લાગણીઓને ભૂલીને નામ જ જુએ છે. ભગવાનના ઉપાસક બનવાને બદલે ભગવાનના નામના ઉપાસક બની ગયા છે. ભગવાન ન રહ્યા અને નામ માત્ર રહ્યું અને એ નામ અનેક હોવાને કારણે માણસો જુદાજુદા નામ ધરાવતા ઈશ્વરના નામે વહેંચાઈ ગયા, લડવા લાગ્યા. ફાધર વાલેસ ''શબ્દલોક' નામના પુસ્તકમાં નોંધે છે કે, ઈસુએ તો ચેતવણી આપી હતી: 'પોતે ભગવાનની સેવા કરી રહ્યા છે એમ માનીને જ લોકો તમને મારી નાખશે.'' (યોહાન-૧૬-૨) અભાગી ભવિષ્યવાણી સાચી પડી. આજે યુરોપમાં ખ્રિસ્તીઓની વચ્ચે, મધ્યપૂર્વમાં મુસ્લિમોની વચ્ચે, અને ભારતમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે ઘાતક સંઘર્ષો થાય છે.

ઈશ્વર તો એક જ છે. ભગવાન, ખુદા, ગોડ, એક જ પરમ તત્ત્વનાં જુદા જુદા નામો છે અને બધા મળીને એ પરમ તત્ત્વની જુદી જુદી ઝલક પ્રગટ કરતાં જાય. પરંતુ અહીં તત્ત્વ કરતાં શબ્દ વધારે મહત્ત્વનો બને. વસ્તુ કરતાં એનું નામ વધારે કિંમતી લાગે. અને એ નામ હવે એ પરમ તત્ત્વનું નહીં પરંતુ એક પ્રજા, એક સંસ્કૃતિ, એક મોરચાનું બની જાય. એક શહેરમાં પોલીસ અધિકારીને પ્રામાણિક રીતે છતાં સન્નાઈથી કામ કરતો જોઈને તેની સામે દેખાવો અને બદલીનાં દબાણો થતાં આપણે જોયાં નથી? લોકોનાં દબાણોને જ આપણે છેવટની સત્તા ગણીશું ? તો બેસી રહે અને તેને એવાં કામો કરવાનો હુકમ કર્યા કરે જે સમગ્ર રીતે રાજય કે રાષ્ટ્રના હિતમાં ના પણ હોય? અમુક જિલ્લાના લોકો તેના ચૂંટાયેલા પ્રતિનિધિઓને એવું જ કહેશે કે, તમે આ જિલ્લામાં જ નર્મદાનાં પાણી આવે તેવો બંદોબસ્ત કરો નહિતર ખસી જાવ. આવું ના થઈ શકે તેમ પ્રતિનિધિ કહેશે, તો ઉશ્કેરાયેલા લોકો તેને ભ્રષ્ટાચાર' કે ગમે તે લેબલ આપશે. ભૂપત વડોદરિયા લખે છે કે, ''રાજા કંઈ ખોટું કરે જ નહીં, તે માન્યતા જૂનવાણી અને જુઠી છે; અને લોકશાહીમાં લોકો પણ કંઈ ભૂલ કરે જ નહીં તેવો ખ્યાલ પણ ખોટો છે.''

સન ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે અથડાણ થઈ ત્યારે સ્થાયી શાંતિ સ્થાપવા માટે ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાન રશિયાના તાકંદ શહેરમાં મળ્યા, અને દિવસો સુધી ખંતથી કામ કરીને છેવટે ઉભય પક્ષે માન્ય એવા શાંતિ કરાર ઉપર સહી કરીને જંપ્યા. એક યુદ્ધ લડ્યાનો શ્રમ અને શાંતિ લાવ્યાનો પરિશ્રમ સૌ અનુભવતા હતા. સાથે સાથે સુખદ અંતનો સંતોષ સૌના હૃદયમાં હતો, અને વિશેષ તો જાગ્રત, સૌમ્ય, સ્થિર, નમ્ર, ગૌરવવંતા અને શાંતિપ્રિય શાસ્ત્રીજીના હૃદયમાં. છેલ્લી રાતની એ છેલ્લી ઘડીએ બંને રાજપુરુષો એકબીજાની સામે ઊભા રહ્યા અને હાથ મિલાવવા લાંબા કર્યા ત્યારે શાસ્ત્રીજીએ સહજ ફુરણાથી સુંદર શબ્દો ઉચ્ચાર્યા એમણે પાકિસ્તાનના પ્રમુખ સામે જોવું, એમનો હાથ પોતાના હાથમાં લીધો, સ્મિત કર્યું અને ફૂણા ભાવથી દુવાના શબ્દો ઉચ્ચાર્યાઃ ''ખુદા હાફિઝ. મુસ્લિમ પ્રમુખ આશીર્વાદના શબ્દો તરત ઓળખી ગયા અને કદર સાથે, આનંદ સાથે, શ્રદ્ધા સાથે પુણ્ય શબ્દોના અરીસાનો પડઘો પાડીને સહજ વાક્ય બોલ્યાઃ ''હાફિઝ ખુદા. યુદ્ધમાં તેઓ અણનમ રહ્યા હતા. શાંતિ-સુલેહ માટે ઈંતેજાર રહ્યા હતા, અને અલવિદાના સૌમ્ય હૂંફાળા શબ્દો વાપરવા જાગ્રત અને સંવેદનશીલ પણ બન્યા હતા. એમના હોઠ પર ''ખુદા એ શાંતિ અને પ્રેમની સંજ્ઞાવાળો શબ્દ બન્યો. આપણે સૌ પણ એવા બની શકીએ એ જ અભ્યર્થના.

Last Seen :

જોયું ને ઊઠ્યો ને ચોંક્યો ને કૂધો ને નાઠો
રે નાઠો.
મારામાંથી એક મારો જ ભયભીત ફાંટો રે
ફાંટો
આતંક આતંક ઘરમાં ગલીમાં ને આખા
નગરમાં
વળી આંખની સાથે આંખોમાં આંખોની
ગાંઠો રે ગાંઠો
અને ઘાવ પ્રસર્યા વિચારોમાં એવી તો કરપીણ ઝડપે
ન શ્રદ્ધા, ન પીડા, ન મૃત્યુ, ન ઔષધ, ન પાટો રે પાટો

- રમેશ પારેખ

- nehalgadhavi101@gmail.com

એકાવનમા વર્ષ પછી સમાજને ૧૧ કરોડ રુપિયા કમાઈ આપવાનો સંકલ્પ કરતા જગદીશ ત્રિવેદી

૧૫મી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ સુરેન્દ્રનગરમાં એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. જાણીતા હાસ્યકાર, હાસ્યલેખક અને લોકશિક્ષક, ત્રણ ત્રણ વિષયમાં પીએચડી કરનારા જગદીશ ત્રિવેદીએ પોતાના પચાસમા જન્મદિવસે વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધી હતી. એ પછી તેમણે પોતાના કે પોતાના પરિવારના આર્થિક ઉપાર્જન માટે કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કરી નથી. આ ઘટનાને (૨૦૨૧માં) ચાર વર્ષ વીત્યાં. આ દરમિયાન તેમણે સમાજને સવા બે કરોડ રુપિયા આપ્યા. કળાકાર તરીકે તેઓ દેશ-વિદેશમાં જે કાર્યક્રમો કરે છે તેની તમામ રકમ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર માટે આપી દે છે. ગુજરાતમાં તેમણે ઘણી શાળાઓનું પણ નિર્માણ કર્યું છે.

સમાજ માટેની તેમની પ્રતિબદ્ધતા કેટલી મજબૂત છે, તે તો જુઓ ! તેમણે પોતાના પરિવારને કહ્યું છે કે, ધારો કે મારું મૃત્યુ થઈ જાય તો પણ સમાજને ૧૧ કરોડ રુપિયા આપવાના જ. મેં ૨૫ વર્ષ સુધી સમાજ પાસેથીલીધું એટલે હું ૨૫ વર્ષ સુધી સમાજને પરત કરવા માગું છું, તેથી મારા ૧૧ કરોડના દાનના સંકલ્પને હું મારા ઉપરનું દેણું સમજું છું. આ માટે કોઈ પ્રોપર્ટી વેચવી પડે તો વેચીને પણ દાનની રકમ ૧૧ કરોડ પૂરી કરવી.

સ્વામી સચ્ચિદાનંદ કહે છે કે, 'વૈરાગ્ય વૃત્તિ એ સંતનું લક્ષણ છે. શ્રી જગદીશ ત્રિવેદીમાં પ્રબળ વૈરાગ્ય વૃત્તિ છે. જૂના જમાનામાં ૫૦ વર્ષ પછી પરિવારનો મોહ ત્યાગી લોકો વધુને વધુ લોકહિતનું સામાજિક કાર્ય કરતા. આ પરંપરાને શ્રી જગદીશભાઈએ ફરીથી જીવંત કરી છે.' પૂજ્ય મોરારિબાપુ કહે છે કે 'ભાઈ જગદીશ ત્રિવેદીના ત્યાગ માટે પાંચ પુનિત પરીબળોએ ભાગ ભજવ્યો છે એટલે મને એવું લાગે છે કે આ માણસમાં ક્યારેય ત્યાગનું અભિમાન આવશે નહીં. એમણે કહ્યું કે હું મારા આત્માના કલ્યાણ માટે કરી રહ્યો છું એટલે આ મારો સ્વાર્થ છે. એ સંદર્ભે મારે એટલું જ કહેવું છે કે પ્રપંચી પરમાર્થ કરતાં શુદ્ધ સ્વાર્થ અનેકગણો ઊંચો છે.'

હાસ્યનાં ૨૩ પુસ્તકો, પ્રવાસકથાનાં ૨ પુસ્તકો, ૧૬ નાટ્ય સંગ્રહો, ૨ હાસ્ય લઘુનવલો, ૬ કવિતા સંગ્રહો, ૨ પદ્યાનુવાદ, ૨૧ સંપાદનો સહિત વન પ્રવેશ પ્રસંગે સમગ્ર સાહિત્યના ૪ વિશેષ ગ્રંથો મળીને કુલ ૭૨ પુસ્તકો પ્રકાશિત કરનારા શ્રી જગદીશભાઈ શ્રેષ્ઠ હાસ્યકાર અને ઉત્તમ હાસ્યલેખક પણ છે.

...

સ્વૈચ્છિક નિવૃત્તિ એ ગુજરાતના શબ્દવિશ્વમાં નવી ઘટના નથી. નોકરી છોડીને નર્મદે કલમના ખોળે માથું મૂક્યું હતું. (જો કે પછી તેમને નોકરી કરવી પડી હતી.) ગોવર્ધનરામ ત્રિપાઠીએ માત્ર ૪૨ વર્ષની વયે મુંબઈની ધીખતી વકીલાત છોડીને નડિયાદ આવીને સાહિત્યસાધના કરી હતી. (૨૬ વર્ષની વયે ગોવર્ધનરામ ત્રિપાઠીએ ત્રણ સંકલ્પ કર્યા હતાઃ ૧. ક્યારેય કોઈની નોકરી નહીં કરું. ૨. સ્વતંત્ર વકીલાત જ કરીશ. ૩. ૪૦ વર્ષે આર્થિક ઉપાર્જન છોડીને વતનમાં જઈને સરસ્વતીની સાધના કરીશ. તેમણે જેમને પોતાની તમામ ફાઈલો સોંપી હતી તે સહકર્મી 'ધીરજવાળા' હતા તેથી ગોવર્ધવરામને ૪૦ને બદલે ૪૨મા વર્ષે નિવૃત્ત થવું પડેલું. કર્ટસીઃ હસિત મહેતા) જયભિખ્ખુએ તો માત્ર ૨૧ વર્ષની વયે નોકરી નહીં કરવાની પ્રતિજ્ઞા કરી હતી અને પાળી પણ હતી. જાણીતા ચિંતક ગુણવંત શાહે પ્રોફેસર તરીકેની નોકરી માત્ર ૫૦ વર્ષની વયે છોડી દીધી હતી. અમે જગદીશ ત્રિવેદીને, ૨૦૧૭માં, તેમણે જ્યારે પોતાના અને પોતાના પરિવાર માટે આર્થિક ઉપાર્જન પર પૂર્ણવિરામ મૂક્યું ત્યારે પૂછ્યું હતું કે, ૫૧મા વર્ષે આવો આકરો નિર્ણય કરવાનું કારણ શું ? તેમણે જવાબમાં કહ્યું હતું કે, એક નહીં પાંચ કારણો છે. પહેલું કારણ છે એક સ્વામિનારાયણ સંત. હવે તેઓ બ્રહ્મલીન થયા છે, પરંતુ તેમણે મને વિદુર નીતિની વાતો કરી હતી. એ વખતે મને જાણ થઈ હતી કે યુવાનીમાં કમાઈ લેવાનું. એ વખતે જ મારા મનમાં

નિવૃત્તિનો વિચાર રોપાઈ ગયો હતો. બીજું કારણ છે સુરેન્દ્રનગરના એક ડૉક્ટર દંપતિ. ડૉ. શકુંતલા શાહ અને ડૉ. પી.સી. શાહે ૨૦૦૩માં તબીબી પ્રેક્ટિસમાંથી આર્થિક રીતે નિવૃત્તિ લઈ લીધી હતી. ડૉક્ટરો તરીકે તેમણે તબીબી પ્રેક્ટિસ ચાલુ રાખી, પરંતુ પૈસા લેવાનું બંધ કર્યું. તેમનામાંથી મને પ્રેરણા મળી. ત્રીજું કારણ છે, મારાં માતા-પિતા. મારાં મોટાં માતા-પિતા બંને સરોજબહેન અને હિંમતલાલ બંને શિક્ષક હતાં. મારા મોટા પિતાએ ૪૮ વર્ષની વયે અને મારાં મોટાં માતાએ ૪૩ વર્ષની વયે, માત્ર ભક્તિ કરવાના હેતુથી નિવૃત્તિ લઈ લીધી હતી. આ ઉપરાંત મારી માતાના એક કાકાએ પણ સન્યાસ લીધો હતો. હવે તે બ્રહ્મલીન થયા છે. આ ઉપરાંત અન્ય એક કારણ છે, મોરારી બાપુ. ૨૦૦૫માં મોરારી બાપુએ કહ્યું હતું કે આર્થિક આવકના ૧૦ ટકા સમાજને દાન કરી દેવા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૫થી હું તેમના આ સૂચન પ્રમાણે મારી આવકના ૧૦ ટકા સમાજને આપું છું. આવતી કાલે હું એ ૧૦ ટકાની પ